# વિસનગરમાં યુવા ભાજપના કાર્યક્રમમાં પાસ-કોંગ્રેસના ઉગ્ર દેખાવો

મહેસાણાના વિસનગરમાં આજે ભાજપની વિજય ટંકાર રેલીનું આયોજન બાદ એક જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ પાટીદારોના ગઢ એવા વિસનગરમાં બે જગ્યા પર થાળી વેલન સહિત કાળા વાવટા અને જય સરદારના નારા લગતા વિરોધ જોવા મળ્યો હતો. પરતું રેલીની જનસંખ્યા સહિત સભામાં ભાજપના કાર્યકારોની મોટી હાજરી આજે વિસનગરનું વાતવારણ બદલાયું હોય તેવું જણાઈ આવતું હતું. જેમાં ૨૭ લોકોની અટકાયત કરવામાં આવી છે.

મહેસાણાના વિસનગરમાં ભાજપના ઋત્વિજ પટેલ અને વિસનગર ધારાસભ્યની આગેવાનીમાં ભાજપનું વિજય ટંકાર યુવા સંમેલન આજે યોજાયું હતું. સંમેલન પૂર્વે વિસનગરમાં એક હજાર બાઈકો સાથે રેલી યોજાઈ હતી. જો કે, આ રેલીમાં કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તો સભા શરુ થતા કેટલાક પાટીદારોએ જય સરદારના નારા લગાવવાનું શરુ કર્યું હતું. સભા અને રેલીમાં વિરોધ કરનારા શખ્સોની પોલીસે તુરંત અટકાયત કરી હતી અને વડનગર પોલીસ સ્ટેશને લઇ જવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૫માં વિસનગરમાં પાટીદાર અનામત અંદોલનની રેલી દરમ્યાન વિસનગર ધારાસભ્યની ઓફીસ તોડફોડની ઘટના બાદ વિસનગરમાં ભાજપે આજે મોટું સંમેલન યોજ્યું છે. જેને લઈને ઋત્વિજ પટેલે પણ વિસનગરમાં ભાજપને અત્યારથી વિસનગર વિધાનસભામાં વિજય પ્રાપ્ત કર્યો હોવાનું અહવાન કર્યું હતું અને જય સરદાર સાથે વિરોધ કરનાર કોંગ્રેસના પેઈડ એજન્ટો હોવાનો આક્ષેપ કર્યો હતો અને જય સરદારના નારાને જોરથી બુલંદ અવાજે કહેવા કહ્યું હતુ અને કહ્યું હતું કે જય સરદાર એ લોકોને એકઠા કરવા માટે હતા ન કે સમાજને તોડવા માટે ભાજપના અનામત આંદોલન બાદ આ મહેસાણાના વિસનગરમાં પ્રથમ પ્રયાસ હતો. જેમાં ભાજપના આ ગઢમાં કોગ્રેશ સહિત પાટીદારોએ આજે આ સભા સહિત રેલીમાં પોતાનો વિરોધ કર્યો હતો.

ઉલેખનીય છે કે પાસમાં જેને વિરોધ કર્યો હતો તે સભામાં આવવા માટે કેસરી કેશ ધારણ કરીને આવ્યા હતા ને કાળા વાવટા ફરકાવ્યા હતા જ્યારે આ પ્રસંગે ઋત્વિજ પટેલ કહ્યું હતું કે એમને જય સરદારનો નારો બોલાવ્યો છે. હતાશ અને નિરાશ કોંગ્રેસ પોતાના પેઈડ એજન્ટોને મોકલીને આ પ્રકારનું કૃત્ય કરતી હોય છે. સરદાર એ સમગ્ર દેશના નેતા છે. સરદાર જોડવામાં માનતા હતા, તોડવામાં નહિ. બે ચાર લોકો આવ્યા હતા. એ થોડું ધીમું જય સરદાર બોલાવતા હતા. મેં એનો જયઘોષ કરાવ્યો હતો અને સભાના દરેક લોકો એ તે જયઘોસને જય સરદારના નારાની લીલી ઝંડી આપી હતી. જ્યારે ઋષિકેશ પટેલ, ધારાસભ્ય, વિસનગરે કહ્યું હતું કે ...કોંગ્રેસ ક્યાય અસ્તિત્વ ધરાવતી નથી. ડૂબતો માણસ તણખલું પકડે, હાથમાં જે આવે બચવા માટે કરે. સભા તોડવાનો પ્રયાસ માટે ૪ જણા ઉભા કર્યા. આખી સભા શાંતિથી પૂર્ણ થઈ. અભાર વિધિ પણ પૂર્ણ થઈ આ બધા એમના હવાતિયા છે. આ પરિસ્થિતિ કોંગ્રેસ સર્જિત હતી. હવે વળાંક આવ્યો છે. પાટીદારો સમજદાર છે. આની પાછળ કોંગ્રેસનું પીઠબળ અને રાજકારણ છે. જે આગમી સમયમાં અનેરો ઉત્સવ ભાજપ વિસનગરમાં મનાવશે.

આમ તો ઋષિકેશ પટેલ, ધારાસભ્ય, વિસનગરે આ સભા એ એક શક્તિ પ્રદશન જ હતું. વિશાળ જનમેદની જોતા આગમી સમયમાં વિસનગરમાં ભાજપનો ભગવો લહેરાય તેવી શક્યતા નકારી શાકય તેમ નથી પરંતુ હવે ટીકીટ કોને ભાજપ આપે છે અને કોગ્રેશ કોને આપે છે તે જોતા આ પાટીદારો વિરોધ સાથે ઉમેદવારની ઈ.વી.એમ. ચલ્કાવી જશે તેમ કહીએ તો નવાઈ નથી પરતું વિરોધના કારણે મહદ અંશે વાતવરણ તંગ બન્યું હતું પરતું ચપટા પોલીસ બંદોબસ્તના કારણે હાલમાં આ સભા અને રેલી સફળ બનવા ગઈ છે તેમ કહીએ તો નવાઈ નહી.








# ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળ દ્વારા યુવા ઉત્સવ યોજાયો

ચિલોડા, તા. ૯

તાલુકાના ડભોડા ખાતે હનુમાન મંદિરના હોલમાં ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળ દ્વારા યુવા ઉત્સવ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હનુમાન મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર, ડભોડા હાઈસ્કૂલના ટ્રસ્ટી હિરાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. યુવા ઉત્સવ પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે ડભોડા હાઈસ્કૂલના આચાર્ય અશોકભાઈ મોદી, અતિથિવિશેષ પદે વ્યાયામ મંડળના મંત્રી દિપકભાઈ શુકલ હાજર રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રાજુભાઈ ગજ્જરે તથા હિરાભાઈ પટેલે યુવા ઉત્સવમાં ભાગ લેનાર સ્પર્ધકોને બિરદાવ્યા હતા. શાળાના આચાર્ય મોદી સાહેબે સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ યુવા ઉત્સવમાં ચિલોડા ડભોડા વ્યાયામ મંડળની ૧૫ શાળાના ૧૫૦ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર યુવા ઉત્સવનું સફળ સંચાલન કે.એમ. સર્વોદય હાઈસ્કૂલ છાલાના દિપકભાઈ શુકલએ કર્યુ હતુ. કાર્યક્રમના અંતમાં ડભોડા શાળઆના વ્યાયામ શિક્ષક દલસંગભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.







**હિંમતનગરમાં વિકાસ ગાંડો થયો...**

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ઠેર ઠેર શુક્રવારે સવારે શહેરીજનોને નજરે ચડે તે રીતે હિંમતનગર જાગૃતિ મંચ દ્વારા વિકાસ ગાંડો થયો છે તે સૂત્રોના બેનરો લાગ્યા હતા અને દિવસભર આ બેનરો ચર્ચામાં રહ્યા હતા.



**ગુજરાતમાં પૂર સહાય માટે આંધ્રા બેન્કે રૂા. ૨૫ લાખનો ફાળો આપ્યો**

ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાં આંધ્રા બેંકે તા. ૮ મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ રૂા. ૨૫ લાખનો ફાળો આપ્યો છે. આંધ્ર બેન્કના સીઈઓ અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી સુરેશ એન. પટેલે, શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકારને આ ચેક સુપરત કર્યો હતો.

## કંપની સમાચાર

### સંપૂર્ણ ઈલેક્ટ્રિક કાર મહિન્દ્રા ઈ૨૦ પ્લસ સૌપ્રથમવાર ગુજરાતમાં રજૂ

મહિન્દ્રા ઈ૨૦ પ્લસ એકવાર સંપૂર્ણ ચાર્જ કર્યા પછી ૧૪૦ કિલોમીટર સુધીનો પ્રવાસ ખેડી શકે છે અને તે કલાક દીઠ મહત્તમ ૮૫ કિલોમીટરની ઝડપ હાંસલ કરી શકે છે. મહિન્દ્રા ઈલેક્ટ્રિકની લેટેસ્ટ ઈલેક્ટ્રિક ડ્રાઈવ ટ્રેઈન ટેકનોલોજીથી સજ્જ ઈ૨૦ પ્લસને શહેરના ટ્રાફિકમાં હંકારવી અત્યંત સરળ છે, અને તે પરિવહનના ભાવિ અંગેના મહિન્દ્રાના વિઝનને રજૂ કરે છે. ટોલ-બોય ડિઝાઈન તથા મોકળાશ ધરાવતી આંતરીક રચના એક આદર્શ સિટી કારને રજૂ કરે છે અને તેમાં ચાર પુખ્ત વ્યક્તિઓ આરામથી પ્રવાસ કરી શકે છે.

આ ક્રાંતિકારી ટેકનોલોજી (ભારતમાં સૌ પ્રથમવાર) જેટલી વાર બ્રેક મારવામાં આવી તેટલી વાર ઈ-૨૦ પ્લસની બેટરી ચાર્જ કરે છે, જેને કારણે કાર દ્વારા તેણે ખર્ચેલી લગભગ તમામ ઉર્જા તે પરત મેળવે છે.

હેવી એન્જિન અથવા મૂવિંગ પાર્ટસની ગેરહાજરીમાં પાવર આઉટપૂટમાં ઘટાડો ના થાય તે માટે ઈ-૨૦ પ્લસ ત્વરિત ટોર્ક ઉપલબ્ધ બનાવે છે જે એન્જિન ક્રેન્કડ થવાની સાથે જ મહત્તમ વેગ પૂરો પાડે છે.

### ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના નેતૃત્વમાં જળ પ્રબંધન આંદોલનની શરૂઆત

અંબુજા સીમેન્ટસ લિમિટેડની સીએસઆર શાખા અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન (એસીએફ)એ પોતાની રજત જયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં એક માર્ગદર્શન પહેલની શરૂઆત કરતા, પાણીની માત્રા તથા ગુણવત્તાથી સંબંધિત સંકટને દૂર કરવાના ઉદ્દેશથી ગુજરાતમાં ૨૦૦થી વધુ ગામડાને પોતાના જળ ખેતી વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત સફળતાપૂર્વક સામેલ કર્યું છે.

પાણીની અછત અને ખારાશની સમસ્યાથી અસરગ્રસ્ત ગિર સોમનાથ જિલ્લાના પાંચ તાલુકાઓ (સુતરાપદા, કોડિનાર, ઉના, વેરાવળ અને તલાલા જ્યાં કંપનીની સ્થાપના થઈ હતી)ના ગામડામાં છેલ્લા કેટલાક વર્ષોમાં આ સમસ્યાથી નિપટવા માટે મોટા પાયે અને તપાસકર્તા પ્રયાસ કરવામાં આવ્યા છે, જેણે આ ક્ષેત્રના પર્યાવરણ, ભૂજળ ખેતી, અછત ન્યૂનીકરણની સાથે સાથે કૃષિ અને સંલગ્ન આજીવિકા ગતિવિધિઓ પર મહત્વપૂર્ણ અસર કરી છે. આ પ્રયાસોએ ન માત્ર કૃષિ, પશુપાલન, પીવાના પાણીની જરૂરિયાતો તથા ઘરેલુ ગતિવિધિઓ માટે પાણીની ઉપલબ્ધતાને શ્રેષ્ઠ બનાવી, પરંતુ લોકોને આનો પ્રયાપ્ત આર્થિક લાભ પણ મળ્યો.

# પ્રાંતિજના ઘડકણ ખાતે રથનો વિરોધ

## જિલ્લા-તાલુકાની પોલીસનો ખડકલો ગોઠવવામાં આવ્યો : ડીવાયએસપી પણ દોડી આવ્યાં : માત્ર સરપંચ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું : પાટીદારોની સાથે ગ્રામજનો ઉભા રહ્યાં

પ્રાંતિજ, તા. ૯.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડકણ ખાતે મા નર્મદાના રથના વિરોધ સમાચારને લઈને ઘડકણ ખાતે જિલ્લાની તથા બે તાલુકાની પોલીસનો ખડકલો ગોઠવી દેવામાં આવ્યો હતો.

ઘડકણ ખાતે માં નર્મદાના રથનો પાટીદારો દ્વારા વિરોધ કરવાનો હોઈ સમાચાર વોટસેપ ઉપર ફરતાં થતાં તંત્રમાં દોડધામ મચી જઈ હતી અને જિલ્લાની તથા પ્રાંતિજ-તલોદની પોલીસનો ખડકડો ઉભો કરી દેવામાં આવ્યો હતો અને મહિલા પોલીસ પણ બોલાવવામાં આવી હતી. જયારે પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી, ડીવાયએસપી શ્રીવાસ્ત સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. જયારે ઘડકણ ખાતે ગામમાં જયાં જુઓ ત્યાં પોલીસ જોવા મળી હતી અને રથ આવતા ગામમાંથી માત્ર સરપંચ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને રથના વિરોધમાં પાટીદારો સાથે ગ્રામજનો પણ વિરોધ કરતાં હોય તેમ અન્ય સમાજના લોકોની પણ ઉપસ્થિતિ જોવા મળી ન હતી અને જયારે ભાજપના સ્થાનિક ટોચના નેતાઓની પણ ઉપસ્થિત જોવાં મળી ન હતી અને તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, તાલુકા પ્રમુખ રાજુભાઈ પટેલ સહિત માત્ર ભાજપ કાર્યકરો આગેવાનો અને અધિકારીઓ પોલીસનો કાફલો જોવા મલ્યો હતો.





**રઝળપાટ** ● ૪ પાનાનું ચાલુ...

આયોજનોને જોવાથી ખબર પડી જાય. મોટાભાગની આ પ્રાચીન નવરાત્રી ઉત્સવ સમિતિઓ અસલ ગુજરાતી ગરબાઓ પર જ ખેલૈયાઓને રમાડે છે. 'યુનાઈટેડ વે'ના ગરબામાં એક સાથે ગરબા ગાનારા લોકોની સંખ્યા એક સમયે ૪૨,૦૦૦ પર પહોંચી હતી જે એક વિશ્વ વિક્રમ છે અને ગિન્નેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેની નોંધ પણ લેવાઈ છે.

ગુજરાત જે બે ત્રણ બાબતોને લીધે વર્લ્ડ ફેમસ છે એમાંની એક બાબત છે ગરબા...! અમેરિકા હોય કે અમદાવાદ, લંડન હોય કે લુણસર... જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં રમાય ગરબા...! તારક મહેતા જેવી સીરીયલમાં ભલે ને દયાભાભીના ગરબા હાસ્યાસ્પદ લાગતા હોય પણ હકીકતે ગરબા એનાથી પણ ક્યાય આકર્ષક અને મનભાવન રીતે રમાય છે. બાર ગાઉં એ બોલી બદલાય એવી જ રીતે ગુજરાતમાં તો દર બાર ગાઉં એ અલગ અલગ રીતે ગરબા રમાતા જોવા મળે અને એ પાછા અમદાવાદના ગરબા, વડોદરાના ગરબા કે રાજકોટના ગરબા એવી પોતીકી ઓળખથી ઓળખાય એટલી હદ સુધી ગરબા અને ગરબામાં વૈવિધ્ય આવી ગયું છે. ગુજરાતીઓ તો દરેક શુભ પ્રસંગે ગરબા રમવા માટે પ્રખ્યાત છે એમાં નવરાત્રી નોનસ્ટોપ ગરબા મહોત્સવ હોઈને વધુ પ્રખ્યાત છે. ગરબો અને નવરાત્રી હીટ છે અને રહેવાનો કેમકે એમાં આધ્યત્મ અને ભક્તિની સાથે સાથે સંગીત છે, નૃત્ય છે, જોસ છે, ઉમંગ છે અને ખાસ તો યુવા હૈયાઓની મેજોરીટીની સાથે સાથે અબાલ-વૃદ્ધ દરેક માટે સંગીતમય ઉત્સવ છે....!

**વિસામો :**

નવરાત્રી ખરેખર તો પ્રકાશના પર્વ દિવાળીની પ્રી-ઈવેન્ટ છે - દિવાળીના પ્રકાશમાન દિવસો અને નુતનવર્ષ ના આશામય આગાઝ્ના સેલીબ્રેશનની સંગીતમય શરૂઆત!

**દુ:ખદ અવસાન...** ● અનુસંધાન છેલ્લાનુ ચાલુ

અને સાંત્વના પાઠવી હતી. મોડીસાંજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ, જીતુભાઈ વાઘાણી અને મહામંત્રી ભિખુભાઈ દલસાણીયાએ રૂબરૂ મળી કેશુભાઈને સાંત્વના પાઠવી હતી. આ ઉપરાંત પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલની આગેવાની હેઠળ પણ અગ્રણીઓ કેશુભાઈના નિવાસસ્થાને પહોંચી દુ:ખ વ્યક્ત કર્યું હતું.

**ફેમિલિ કોર્ટ...** ● અનુસંધાન છેલ્લાનુ ચાલુ

કે, પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના આધારસ્તંભ પર કાર્ય કરતી મુખ્યમંત્રી વિજય રૂપાણીની રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણના ભાગરૂપે રાજયની મહિલાઓને ઘર આંગણે સરળ, સસ્તો અને ઝડપી ન્યાય મળી રહે એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. ત્યારે આ ફેમિલી કોર્ટોના નિર્માણથી રાજ્યની મહિલાઓને તેઓના, લગ્ન, ભરણપોષણ, કૌટુબિક તકરારો, સંપત્તિ હક્કને લગતા કેસો ચલાવવામાં આવે છે અને આ કોર્ટોમાં માત્ર મહિલાઓને લગતા કેસો જ હોવાના કારણે કેસોનો ઝડપથી નિકાલ થાય છે. મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની મહિલા શશક્તિકરણની નીતિના ભાગરૂપે મહિલાઓના પ્રશ્નોનો જલ્દી નિકાલ આવે તે માટે રાજયના દરેક જિલ્લામાં ફેમિલી કોર્ટની સ્થાપના થાય તેવી આ રાજય સરકારની કટિબદ્ધતા છે.

રાજ્ય સરકારનો મુખ્ય હેતુ ગરીબ, અભણ અગર તો ભણેલ ગણેલ અને કામ કરતી મહિલાઓને તેમના લગ્ન જીવનને લગતા પ્રશ્નો, લગ્ન જીવન બાદના ભરણપોષણ, બાળકની કસ્ટડી, મિલ્કતની તકરાર કેસમાં તેમને ઘર આંગણે જ ઝડપથી ન્યાય મળે તે રહેલો છે.

**હા, સાહેબ...** ● અનુસંધાન છેલ્લાનુ ચાલુ

"સાહેબ આ તો વચગાળાનો રસ્તો છે... પછી તો જોજો આપણું ભારત શ્રેષ્ઠ ભારત બનશે... અને વિશ્વ ગુરૂની કક્ષાએ પહોંચશે તેવો અમારો સંકલ્પ છે."

"ભગવાન તમારો સંકલ્પ સાકાર કરે..! અને 'અચ્છે દિન' જલ્દી આવે..."

- નિમિત્ત માત્ર

**વાવાઝોડાનો ખતરો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંદાજે ૫૦થી ૬૦ લાખ લોકોને ફ્લોરિડા છોડવાનો આદેશ કરવામાં આવ્યો છે. ઈરમા વાવાઝોડું ફરીથી ચોથામાંથી પાંચમી કેટેગરીમાં આવી ગયું છે. રવિવારે વહેલી સવાર સુધીમાં ઈરમા ફ્લોરિડા પર ૨૪૦ કિમી-કલાકથી ઝડપે ત્રાટકશે. વાવાઝોડાના ખતરાને ધ્યાનમાં રાખીને અંદાજે ૫૬ લાખ લોકોને ફ્લોરિડા અને જ્યોજિયા રાજ્યોમાંથી સુરક્ષિત સ્થળે ખસેડવાનો ઓર્ડર કરવામાં આવ્યો છે. ફ્લોરિડાના કાંઠાના વિસ્તારમાં

ફરજિયાત ઘર છોડવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે તેના કારણે હાઈ-વે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો છે. ઈરમાને કારણે માત્ર મિયામી શહેરમાં જ ૮ લાખ કરોડનું નુકસાન થવાનો અંદાજો છે. ઈરમા વાવાઝોડાં એ કેરેબિયન ટાપુઓ પર જે વિનાશ વેર્યો છે તેમાં ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત થયા છે. બાર્બુડા અને સેંટ માર્ટિન ટાપુઓ ૯૦ ટકા સુધી સાફ થઈ ગયા છે. ઈરમાને કારણે ક્યુબાના ઉત્તરીયા કાંઠાના વિસ્તારો પર પણ ખતરો છે. આ સપ્તામાં જ કેરેબિયન વિસ્તારોમાં ઈરમા વાવાઝોડાના કારણે ૨૪ લોકોના મોત થયા હતા. હવે ફ્લોરિડા ઉપર સંકટ તોળાઈ રહ્યું છે. આવતીકાલે વહેલી સવારે ફ્લોરિડા અને તેના આસપાસ વિસ્તારોમાં વિનાશકારી વાવાઝોડું તાટકી શકે છે. ફ્લોરિડાના અધિકારી દ્વારા સાવચેતીના પગલાં રૂપે સ્થાનિક લોકોને વારંવાર ચેતવણી આપી છે.

**ફરી ગોળીબાર...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યો હતો. પાકિસ્તાને હાલમાં અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને અંકુશ રેખા પર ગોળીબાર કર્યો હતો. જેના કારણે બન્ને દેશો વચ્ચે તંગ સ્થિતી રહી છે.

પાકિસ્તાને તેના ત્યાં સક્રિય રહેલા ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના હેતુસર ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાને જમ્મુ કાશ્મીરમાં અંધાધુંધી જારી રાખવા માટે ત્રાસવાદીઓને સતત મદદ કરી છે. ભારતે ત્રાસવાદના મામલે પાકિસ્તાનને સીધી રીતે જાણ પણ કરી છે. યુદ્ધવિરામના ભંગ સામે તમામ મંચ પર વાંધો પણ ઉઠાવ્યો છે.

**ઘટાડો કરાયો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોને અમે રાહત આપી રહ્યા છીએ કારણ કે નાની કાર ઉપર ટેક્સમાં કોઈ ફેરફાર કરી રહ્યા નથી. જેટલીએ જીએસટી કાઉન્સીલની ૨૧મી બેઠક બાદ વાતચીત કરતા કહ્યું હતું કે, નાની કારના ખરીદાર ઉપર કોઈ વધારાનો બોજ લાદવામાં આવ્યો નથી. જેટલીએમ પણ કહ્યું હતું કે, ૧૨૦૦ સીસી પેટ્રોલ અને ૧૫૦૦ સીસી ડીઝલ કાર ઉપર ટેક્સ રેટને યથાવત રાખવામાં આવ્યા છે. કાઉન્સીલે મધ્યમ કદની કાર ઉપર કુલ ટેક્સને ૪૩ ટકાથી વધારીને ૪૫ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. મોટી કાર ઉપર ટેક્સના રેટ ૪૩ ટકાથી વધારીને ૪૮ ટકા કરવામાં આવ્યા છે. એસયુવી ઉપર કુલ ટેક્સ ૪૩ ટકાના બદલે ૫૦ ટકા રહેશે. ૧૩ સીટવાળા વાહનો ઉપર કુલ ટેક્સમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. જીએસટી કાઉન્સિલ સમક્ષ સૌથી મોટો મુદ્દો અમલીકરળની પ્રગતિનો હતો. નાણા મંત્રીએ કહ્યું હતું એકદરે જીએસટી વસુલાત જુલાઈ મહિના માટે ૯૫૦૦૦ કરોડ રૂપિયા રહી છે જે પહેલાથી જ રિર્ટન ફાઈલ કરી ચુકેલા લોકો સંબંધીત છે.